# અન્ય રાજ્યોમાં કેવી રીતે થાય છે નવરાત્રીની ઉજવણી ?

## ગુજરાતમાં નવરાત્રી એટલે ઉપાસનાના પર્વની સાથે જ ગરબે ઘુમવુ પરંતુ ભારતના અન્ય રાજ્યોમાં નવરાત્રીના પર્વની ઉજવણી અલગ રીતે થાય છે



ગાંધીનગર, તા. ૬

નવરાત્રીનું પર્વ હવે થોડાક દિવસોમાં શરૂ થશે. ગુજરાતમાં નવરાત્રી એટલે સતત નવ-નવ દિવસ સુધી ગરબે ઘુમવાનો અવસર. નવરાત્રી અને ગરબાએ ગુજરાતની ઓળખ બની ચુક્યા છે. અન્ય રાજ્યોમાં પણ નવરાત્રી અને દશેરાની ઉજવણી થાય છે પરંતુ કંઈક અલગ અંદાજમાં અન્ય રાજ્યોમાં નવરાત્રીની ઉજવણી કેવી રીતે થાય છે તે જાણવુ રસપ્રદ બની રહેશે.


નવરાત્રીના પહેલા દિવસ (પ્રતિપદા))ની શરૂઆત ચંદ્રમાલના આસો માસના તેજ પખવાડિયામાં થાય છે. ઓક્ટોબર મહિનાની શરૂઆતમાં દર વર્ષે નવ રાત્રીઓ માટે આ ઉત્સવની ઉજવણી થાય છે. જો કે ચંદ્ર આધારિત કેલેન્ડર મુજબ હોવાને લીધે આ ઉત્સવની તારીખોમાં એક દિવસનો વધારો કે ઘટાડો થઈ શકે છે. ભારતમાં નવરાત્રીની વિવિધ રીતે ઉજવણી કરવામાં આવે છે. ઉત્તર ભારતમાં તમામ ત્રણ નવરાત્રીઓમાં નવ દિવસોના ઉપવાસ અને દેવી માતાના વિવિધ સ્વરૂપોની પૂજા સાથે આ ઉત્સવની ઉજવણી થાય છે. ચૈત્ર નવરાત્રીનો અંત રામ નવમીથી થાય છે અને શરદ નવરાત્રીનો અંત દુર્ગા પૂજા અને દશેરાથી થાય છે. ઉત્તરમાં ખાસ કરીને હિમાચલ પ્રદેશમાં કુલુનો દશેરા ખુબ જ પ્રખ્યાત છે.

પૂર્વ ભારતમાં શરદ નવરાત્રીના છેલ્લા ચાર દિવસોને પશ્ચિમ બંગાળના રાજ્યોમાં નાટકીય રીતે ઉજવવામાં આવે છે, જે તેઓ દુર્ગા પૂજા કહે છે. આ રાજ્યમાં તે ઉત્સવને વર્ષનો સૌથી મોટો ઉત્સવ કહેવાય છે. દુર્ગા દેવીની સુંદર નકશીકામ કરેલી અને સજાવેલી માણસના કદની માટીની મૂર્તિઓ કે જેમાં તે મહિસાસૂર રાક્ષસનું વધ કરતી દર્શાવી હોય તેવી મૂર્તિઓની ગોઠવણ મંદિરો અને અન્ય જગ્યાઓ પર કરવામાં આવે છે. આ મૂર્તિઓની પૂજા પાંચ દિવસ માટે કરવામાં આવે છે, અને પાંચમાં દિવસે તેને પાણીમાં પધરાવવામાં આવે છે. પશ્ચિમ ભારતમાં, ખાસ કરીને ગુજરાત રાજ્યમાં નવરાત્રીની ઉજવણી ત્યાંના જાણીતા ગરબા અને દાંડિયા રાસના નૃત્યથી થાય છે. છેલ્લા કેટલાક વર્ષોથી, ગુજરાતમાં નવ દિવસોના આ નવરાત્રી ઉત્સવ માટે ગુજરાત સરકાર દ્વારા 'નવરાત્રી ઉત્સવની ઉજવણી' કરવામાં આવે છે. (ક્રમશઃ)

## યુગનાયક સ્વામી વિવેકાનંદ

- રજનીકાંત ભટ્ટ

# ખ્રિસ્તી ધર્મ



ખ્રિસ્તી ધર્મના ગૂઢ અને ભવ્ય વિચારો યુરોપમાં કદી સમજાયા નહીં, કેમકે બાઈબલના લેખકોના વિચારો અને પ્રતીકો તેમને માટે વપરાયા હતા. ઈસુ ખ્રિસ્તનો આ સુંદર ધર્મ એ બધી પુરાણકથાઓથી વિંટાયેલો હોવાથી લોકો ઘણો ઓછો સમજે એમાં નવાઈ નથી.

'જાગ્રત રહો અને પ્રાર્થના કરો. સ્વર્ગનું રાજ્ય નજીકમાં છે.' તેનો અર્થ એમ થાય કે મનને પવિત્ર કરો અને તૈયાર રહો ! તે ભાવના કદીયે નાશ પામતી નથી. તમને યાદ હશે કે યુરોપના અંધકાર યુગમાં અને અત્યંત વહેમી ખ્રિસ્તી દેશોમાં પણ ખ્રિસ્તીઓએ હંમેશા બીજાને મદદ કરીને ઈસ્પિતાલો વગેરે બંધાવીને, પ્રભુના આગમન માટે પોતે સદાય તૈયાર રહેવાનો પ્રયત્ન કર્યો છે. જ્યાં સુધી ખ્રિસ્તીઓ આ વિચારને વળગી રહેશે ત્યાં સુધી તેમનો ધર્મ જીવતો રહેશે.

હિન્દુ અને ખ્રિસ્તી ધર્મ વચ્ચેનો એક મુખ્ય તફાવત આ છે : ખ્રિસ્તી ધર્મ એમ શીખવે છે કે દરેક માનવ-આત્માનો આરંભ આ દુનિયામાં જન્મ લેવાથી થયો છે. જ્યારે હિન્દુ ધર્મ ભારપૂર્વક કહે છે કે માનવ આત્મા તે શાશ્વત આત્માનો આવિર્ભાવ છે અને ખુદ ઈશ્વરની માફક તેને પણ આદિ નથી. જ્યાં સુધી તે પૂર્ણતાને પામીને પરિવર્તન રહિત ન બને ત્યાં સુધી આધ્યાત્મિક ઉન્નતિક્રમના મહાન નિયમોને આધિન રહીને તે વ્યક્તિત્વમાંથી અન્ય વ્યક્તિત્વમાં ગતિ કરે છે. એવી તેની અસંખ્ય અભિવ્યક્તિઓ થઈ છે, અને થયા કરશે.

આમ આપણે જોઈએ છીએ કે લગભગ દરેક ધર્મમાં ઈશ્વરને પૂજતી વખતે આપણી સામે ત્રણ પ્રાથમિક બાબતો આવે છે : આકારો અથવા પ્રતીકો, નામો તથા દેવ-માનવો. બધા ધર્મોમાં આ છે, અને છતાં તમે જોશો કે લોકો એકબીજાને જોડે લડવા માંગે છે. એક કહે છે : 'મારું નામ જ એકમાત્ર નામ છે, મારો આકાર જ એકમાત્ર આકાર છે અને મારા દેવ-માનવો જ દુનિયામાં એક માત્ર સંતો છે, તમારા બધાં કપોલકલ્પિત છે.' આજના સમયમાં ખ્રિસ્તી પાદરીઓ થોડા વધારે સહિષ્ણુ બન્યા છે, તે લોકો સ્વીકારે છે કે પ્રાચીન ધર્મોમાં જુદા જુદા પ્રકારની ઉપાસનાઓ ખ્રિસ્તી ધર્મની પૂર્વ તૈયારી રૂપે હતી. જોકે, તેઓ એમ માને છે કે માત્ર ખ્રિસ્તી ધર્મ જ સાચું સ્વરૂપ છે. ઈશ્વરે અગાઉના કાળે પોતાની જાતની કસોટી કરી. આ વસ્તુઓને આકારમાં મુકીને પોતાની શક્તિની કસોટી કરી અને છેવટે તેનું પરિણામ ખ્રિસ્તી ધર્મમાં આવ્યું. આ પણ ઘણી પ્રગતિ છે, ૫૦ વર્ષ પહેલાં એ લોકોએ આટલું પણ કબૂલ કર્યું ન હતો.

તેમને મન તેમના પોતાના ધર્મ સિવાય બીજી કોઈ વસ્તુ સાચી ન હતી. આ વિચાર કોઈ એક ધર્મ, પ્રજા કે અમુક વર્ગના લોકો પૂરતો જ મર્યાદિત નથી, હંમેશા લોકો એમ માનતા હોય છે કે બીજા લોકોએ કરવાની એક માત્ર સાચી વસ્તુ તે છે કે જે પોતે કરતા હોય છે.

જુદા જુદા ધર્મોનો અભ્યાસ અહીં આપણી મદદે આવે છે. તે આપણને બતાવે છે કે જે વિચારોને આપણે આપણા પોતાના જ ગણીએ છીએ તે બીજા લોકોમાં સેંકડો વર્ષો પહેલાં પણ હતા, અને કેટલીક વારતો આપણા કરતાં પણ વધુ સારા સ્વરૂપે હતા.

## દંતાલી ગામે ૧૦મીએ લોક સંગીતનો કાર્યક્રમ યોજવામાં આવશે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લાના દંતાલી ગામે યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ દ્વારા ભવ્ય લોક સંગીતનો કાર્યક્રમ યોજાશે. શ્રી નર્મદા સુરસંગમ સાંસ્કૃતિક પરિવાર સંસ્થા ગાંધીનગરના કિશોર નાકર તથા સાથી કલાકારો દ્વારા તા.૧૦મી ઓકટોબર ૨૦૧૨ના રોજ રાત્રે ૯ કલાકે લોક સંગીતનો કાર્યક્રમ યોજાશે. જેમાં લોકગીત, દુહા-છંદ, ભજનો, લોકગાથા અને હાસ્ય મનોરંજનના કાર્યક્રમમાં સૌ સંગીત પ્રેમીજનોને પધારવા ખાસ જણાવ્યું છે.

## લીયો ટોલ્સ્ટોયની પ્રતિમા એમ.જે. લાયબ્રેરીમાં મૂકવામાં આવશે

અમદાવાદ, તા. ૮

મુંબઈ સ્થિત હીરા-માણેક સાપ્તાહિક દ્વારા રશિયાના સુપ્રસિદ્ધ લેખક મહાત્મા ગાંધીના પ્રેરણામૂર્તિ લીયો ટોલ્સ્ટોયની પ્રતિમા અમદાવાદની એમ. જે. લાયબ્રેરીમાં મૂકાશે.

હીરા-માણેકના એડિટર ઈન ચીફ હાર્દીક હુંડીયાએ પત્રકારોને જણાવ્યું હતું કે, લીયો ટોલ્સ્ટોયની પ્રતિમાની સ્થાપના કરવા અંગે રશિયન કાઉન્સેલ દ્વારા રજુઆત કરાઈ હતી. આ પ્રતિમાની સ્થાપનાથી ભારત અને રશિયા વચ્ચેના દ્વિપક્ષી સંબંધોમાં ખાસ કરીને હીરાના વેપારમાં વેગ મળશે. હીરા-માણેક સાપ્તાહિક દ્વારા અમદાવાદના સાબરમતી આશ્રમ ખાતે કાઉન્ટલીયો ટોલ્સ્ટોયની પ્રતિમા સ્થાપવા ગાંધી આશ્રમના સત્તાધીશોને વિનંતી કરી હતી. પણ આખરે એમ. જે. લાયબ્રેરીમાં પ્રતિમા મૂકવાનો નિર્ણય લેવાયો છે.

## આજે અખિલ ભારતીય મુલ્કી સેવા ટેબલ ટેનિસ સ્પર્ધાનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૮

ભારત સરકાર વતીથી રાજ્ય સરકાર દ્વારા અખિલ ભારતીય મુલ્કી સેવા ટેબલ ટેનિસ સ્પર્ધા-૨૦૧૨-૧૩નું આયોજન કરવામાં આવ્યું છે. જેનો ઉદ્‌ઘાટન સમારોહ આજે તા. ૯મી ઓક્ટોબર-૨૦૧૨ને સવારે ૯ કલાકે સચિવ એ.કે. જોતિના વરદ હસ્તે યોજવામાં આવશે.

અખિલ ભારતીય મુલ્કી સેવા ટેબલ ટેનિસ સ્પર્ધા વર્ષ-૨૦૧૨-૧૩નું આયોજન તા. ૯ ઓક્ટોબરથી ૧૪મી ઓક્ટોબર સુધી કરવામાં આવ્યું છે. સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે યોજાઈ રહેલી ટેબલ ટેનિસ સ્પર્ધાના ઉદ્‌ઘાટન સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે આઈ.એ.એસ. એ.કે. જોતિ, અતિથિ વિશેષ તરીકે સામાન્ય વહીવટ વિભાગના સચિવ તથા આઈ.એ.એસ. કે. શ્રીનિવાસ ખાસ ઉપસ્થિત રહેશે.

## યુવક મહોત્સવમાં ઉમા આર્ટસ અને નાથીબા કૉમર્સ કૉલેજનું ગૌરવ

ગાંધીનગર, તા. ૮

ગુજરાત યુનિવર્સિટી એલીસબ્રિજ ઉત્તર ઝોનના યુવક મહોત્સવની સ્પર્ધાઓમાં ઉમા આર્ટસ અને નાથીબા કૉમર્સ કૉલેજ મહિલા કૉલેજની વિદ્યાર્થીનીઓ કુ. આરતી પોસ્ટ મેકીગમાં તથા કુ. મેશ્વા કલે મોડેલિંગમાં બેસ્ટ થ્રીમાં પસંદગી પામ્યા છે.

તેમની આ પ્રવૃત્તિઓ માટે કૉલેજના યુથ ફેસ્ટિવલ સ્પર્ધાઓના ઈનચાર્જ પ્રા. પાયલબેન પંડ્યાએ સક્રિય માર્ગદર્શન પૂરું પાડેલ હતું. તેઓની આ ગૌરવંતી સિધ્ધિ બદલ સમગ્ર કૉલેજ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યાં છે.

## જીટીયુમાં દિવાળી વેકેશન ૧થી૨૦ ડિસેમ્બર સુધી

અમદાવાદ, તા. ૮

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટીના તમામ ડીનની આવતીકાલે મળનારી બેઠકમાં વિધાનસભાની ચૂંટણીને લઈને એકેડેમીક કેલેન્ડર અને પરીક્ષાની કામગીરી અંગે ચર્ચા વિચારણા થશે. જેમાં દિવાળી વેકેશન પહેલી ડિસેમ્બરથી આપવાનો નિર્ણય કરાશે. આગામી ડિસેમ્બર માસમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણીમાં દર વખતની જેમ આ વખતે પણ સરકારી બિલ્ડીંગનો ઉપયોગ થશે. ખાસ કરીને સરકારી એન્જિનિયરીંગ કોલેજના બિલ્ડીંગનો વધુ ઉપયોગ થાય છે.

જેને ધ્યાનમાં રાખી આવતીકાલ જીટીયુના કુલપતિની અધ્યક્ષતામાં આવતીકાલે બેઠક મળશે. જેમાં કુલ ૨૪માંથી ૨૨ ડીન ઉપસ્થિત રહેશે. બેઠકમાં વિધાનસભાની ચૂંટણીના પગલે એકેડેમીક કેલેન્ડરમાં ફેરફાર કરવા માટેની ચર્ચા-વિચારણા હાથ ધરાશે. આ ઉપરાંત આગામી યોજાનારી વિવિધ પરીક્ષાઓની કામગીરી અંગે પણ ચર્ચા થશે.

જીટીયુના સૂત્રો કહે છે કે આ વખતે ચૂંટણીને કારણે વિદ્યાર્થીઓને દિવાળીના મુખ્ય તહેવારો દરમિયાન ફક્ત પાંચ દિવસનું વેકેશન મળશે. જ્યારે દિવાળી વેકેશન ૧ થી ૨૦ ડિસેમ્બર દરમિયાન આપવામાં આવશે. દિવાળી વેકેશનમાં ચૂંટણીલક્ષી કામગીરી ચાલશે.

સરકારી એન્જિ.ના વિદ્યાર્થીઓ ઉપરાંત વિવિધ સ્ટાફને ઉપરોક્ત વેકેશનની તારીખનો અમલ કરવાનો રહેશે.

## ગુજરાત યુનિ. યુવક મહોત્સવમાં સરકારી વિજ્ઞાન કોલેજનું એકાંકી ઝળક્યું

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના સેક્ટર-૧૫માં આવેલી સરકારી વિજ્ઞાન કોલેજના ૨૦ વિદ્યાર્થીઓએ તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ યુવક મહોત્સવ-૨૦૧૨માં એકાંકી, એકપાત્રીય અભિનય, લોકનૃત્ય અને પાદપૂર્તિ સ્પર્ધામાં જોડાયા હતા અને 'અજવાળામાં ખોવાતો માનવી' એકાંકી રજૂ કરી વિજય પ્રાપ્ત કર્યો હતો. સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગરના વિદ્યાર્થીઓએ આંતરકોલેજ યુવક મહોત્સવમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ તથા પ્રેક્ષકોએ સરકારી વિજ્ઞાન કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવેલા એકાંકી નાટક 'અજવાળામાં ખોવાતો માનવી' ને જબરજસ્ત આવકાર આપ્યો હતો. એકાંકીમાં પુનીત માલવીયા, જીમીત પટેલ, ઝલક ચાવડા, પૂજન પટેલ, રવિ પટેલ, ચિન્મય જોશી, હેતસ્વી ચૌધરી, હિમાની માંકડ, અનંતા બ્રહ્મભટ્ટ અને મુખ્ય પાત્ર દાસકાકા તરીકે નીરવ વૈદ્યે કલાકારી દર્શાવી હતી. વિદ્યાર્થીઓની યુવક મહોત્સવમાં થયેલી સફળતાને કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

## ક્રિકેટ હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા અંગેની કસોટી ૨૨મીએ યોજાશે

ગાંધીનગર, તા.૮

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા સંચાલિત પોરબંદર ખાતેની ક્રિકેટ હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા અંગેની કસોટીનું આયોજન ૨૨મી ઓટોબરે કરવામાં આવ્યું છે.

પોરબંદર ખાતેની ક્રિકેટ હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા અંગેની કસોટીનું આયોજન સિનિયર કોચ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ગાંધીનગર, મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સેકટર-૨૧ દ્વારા તા. ૨૨મી ઓકટોબર ૨૦૧૨ના રોજ સવારે ૮.૩૦ કલાકે એસ.એ.આઈ. રમત સંકુલ, સેકટર-૧૫, ગાંધીનગર ખાતે યોજાશે.

ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓએ બે નકલમાં એલીજીબિલીટી લઈ સ્વ. ખર્ચે ક્રિકેટ કીટ સાથે હાજર રહેવું એમ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રના સિનીયર કોચ એચ.બી. સાપલીયાએ જણાવ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું છે કે, ખેલાડી તા.૩૧મી મે ૨૦૧૩ની સ્થિતિએ ૧૦થી ૧૪ વર્ષની વચ્ચેની ઉંમરનો હોવો જોઈએ.

## આર.ટી.આઈ. સંદર્ભે જાણકારી આપવા આચાર્ય માટે કેમ્પ

### જિલ્લાની ગ્રાન્ટેડ નોન ગ્રાન્ટેડ શાળાના ૨૦૦ આચાર્યોએ ભાગ લીધો

ગાંધીનગર, તા.૮

રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ અન્વયે જિલ્લાની શાળાઓના આચાર્યોને જરુરી જાણકારી આપવા આગામી સપ્તાહ બાદ એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપમાં જિલ્લાની ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ ૨૦૦ જેટલી શાળાના આચાર્યોને આર.ટી.આઈ. સંદર્ભે માહીતગાર કરાશે.

અમદાવાદ સ્પીપાના સૌજન્યથી આગામી તા. ૧૮ ઓકટોબરના રોજ રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ સંદર્ભે શાળાના આચાર્યોને જાણકારી આપવા એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી મહિતી અનુસાર શાળા કક્ષાએ આચાર્ય સંબંધિત બાબતે જવાબદાર અધિકારીના દાયરામાં આવતા હોવાથી આર.ટી.આઈ.ના કાયદાના અસરકારક અમલીકરણ માટે તેમને તજજ્ઞો દ્વારા માહીતગાર કરવા આ કેમ્પ યોજવામાં આવનાર છે. આ કેમ્પમાં ગાંધીનગર જિલ્લાની ૨૦૦ જેટલી શાળાના આચાર્યો હાજરી આપશે. કેમ્પ દરમિયાન તેમને રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટની જરુરી બાબતો સંદર્ભે યોગ્ય માર્ગદર્શન અને જાણકારી પૂરી પાડવામાં આવશે. શાળા કક્ષાએ આચાર્યોને પણ આર.ટી.આઈ. અંગે યોગ્ય જાણકારી હોવી અનિવાર્ય હોવાથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું છે.

## વનશ્રી ટ્રસ્ટ દ્વારા મહારાજા અગ્રસેન સ્કૂલમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

### વિજેતા વિદ્યાર્થીઓને મેડલ-સર્ટીફીકેટ આપી પ્રોત્સાહિત કરાયા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લાના વાવોલ ગામે આવેલી મહારાજા અગ્રસેન સ્કૂલમાં તાજેતરમાં વવશ્રી ટ્રસ્ટના ઉપક્રમે ફિલ્મ શો, ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને કવીઝ કોમ્પીટીશન વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગ્રીન મોટીવેટર અંજના નિમાવત દ્વારા વાઈલ્ડ લાઈફ વીકની ઉજવણીના સંદર્ભમાં અલગ અલગ શાળાઓમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

વાવોલ ગામની મહારાજા અગ્રસેન શાળામાં પણ પર્યાવરણ બચાવો અંતર્ગત ફિલ્મ શો, કવીઝ કોમ્પીટીશન, ચિત્ર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા વિદ્યાર્થીઓનો મેડલ અને સર્ટીફીકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં.

# અમદાવાદ ફિલ્મ પ્રૉજેક્ટમાં બે દિવસમાં ૧૦૦થી વધુ ફિલ્મ્સ બની

## ૪૮ કલાકમાં શૉર્ટ ફિલ્મ તૈયાર કરીને આપી દેવાની આ સ્પર્ધામાં ગાંધીનગરની ૧૦ જેટલી ટીમોએ ભાગ લીધો

માત્ર ૪૮ કલાકમાં જ ફિલ્મનું સર્જન કરવાની અમદાવાદની સ્પર્ધામાં આ વખતે ૧૧૨ જેટલી ફિલ્મ્સનું નિર્માણ થયું હતું. ઉલ્લેખનીય છે કે આ સ્પર્ધામાં ગાંધીનગરની ૧૦ જેટલી ટીમોએ ભાગ લીધો હતો.

અમદાવાદ ફિલ્મ પ્રૉજેક્ટ નામની આ સ્પર્ધા સતત બીજા વર્ષે અમદાવાદ ખાતે યોજાઈ હતી અને એમાં દેશભરમાંથી આવેલી ટીમો ઉપરાંત વિદેશની એક ટીમે પણ ભાગ લીધો હતો.

ગાંધીનગરમાંથી બ્લ્યૂ બબલ્સ ઍકેડેમી ઉપરાંત, અભિલાષ શાહ, નિશાંત રાવલ, ભાગ્યેશ પટેલ, અલ્પેશ રોહિત, હિરેન પટેલ, હર્ષવર્ધન ગઢવી, વિશ્વજિત દેસાઈ, સંકેત ચતુર્વેદી અને કાર્તિકેય અરોરાની ટીમે આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

આ સ્પર્ધા હતી શૉર્ટ ફિલ્મ બનાવવાની. માત્ર આઠ મિનિટની ફિલ્મ બનાવવાની અને એ પણ નિર્ધારિત વિષય પર અને માત્ર ૪૮ કલાકમાં. એટલે કે ૪૮ કલાકમાં શૂટીંગ, ઍડીટીંગ, મ્યુઝિક અને સીડી રાઈટીંગ, પોસ્ટર મેકીંગ એ બધી જ



પ્રક્રિયાઓ પૂર્ણ કરીને ફિલ્મ તૈયાર કરીને આપી દેવાની. કામ પડકારરૂપ. અને કદાચ એટલે જ એમાં ઘણી ટીમોએ - ખાસ કરીને યુવાવર્ગની ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.


સ્પર્ધાની શરૂઆત થઈ તા. ૨૮ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૮ વાગે, જ્યારે સ્પર્ધક ટીમોને તેમના જેનર મુજબ થીમ આપવામાં આવ્યાં. આ વખતે મુખ્યત્વે મેલો ડ્રામા, થ્રીલર, ઍક્શન વગેરે જેનર સ્પર્ધા માટે પસંદ કરવામાં આવ્યાં હતાં. નિર્માણ માટેનો સમય ઓછો હોવાથી મોટાભાગના સ્પર્ધકોએ મેલો ડ્રામાની જ પસંદગી કરી હતી, જે અંતર્ગત થીમ આપવામાં આવ્યું હતું. 'ઈન્ગ્રેડીઅન્ટ્સ ઑફ ગૂડ લિવીંગ.'

સ્પર્ધામાં એક બંદિશ એ પણ હતી કે ફિલ્મનું શૂટીંગ અમદાવાદ શહેરમાં જ કરવાનું, શહેરની બહારનું કોઈપણ લોકેશન ફિલ્મમાં ન હોવું જોઈએ. એ ઉપરાંત, આ ફિલ્મમાં એક 'ગૂડ ડ્રાઈવીંગ' સીન હોવો જોઈએ એ પણ એની જરૂરિયાત !

શુક્રવારે રાત્રે થીમ મળ્યું તેથી મોટાભાગની ટીમોએ વાર્તા અને પાત્ર પસંદગીમાં રાત વિતાવી અને શનિવાર થતાં તો નીકળી ગયા અમદાવાદનાં વિવિધ લોકેશન્સ પર શૂટીંગ કરવા. ટીમોએ શનિવારે જ શૂટીંગ આટોપી લીધું અને રાત્રે બેસી ગયા ઍડીટીંગ કરવા. એ પછી રવિવારે મ્યુઝીક, ટાઈટલીંગ વગેરે ચાલ્યું ને રાત થતાં

## સિલ્વર સ્ક્રીન

- કુંતલ નિમાવત




૨૯ સપ્ટેમ્બર ને શનિવારનો દિવસ અમદાવાદના ઈતિહાસમાં એટલા માટે મહત્ત્વનો હતો કે એકસાથે ૧૦૦થી વધુ ફિલ્મોનાં શૂટીંગ આ શહેરમાં થઈ રહ્યાં હતાં ! સઘળી સુધીમાં તો સૌએ ફિલ્મ સબમીટ પણ કરી દીધી.

ત્યારબાદ એક સપ્તાહ સુધી અમદાવાદમાં ફિલ્મ ફેસ્ટીવલ ચાલ્યો. ઈતિહાસમાં ચર્ચાયેલી ને વખણાયેલી ઈંગ્લિશ ફિલ્મો આ મહોત્સવ અંતર્ગત પ્રદર્શિત કરવામાં આવી. ફિલ્મ મેકીંગ અને સ્ક્રીનીંગ ઉપરાંત માર્કેટીંગ વર્કશૉપનું આયોજન પણ આ ફિલ્મ ફેસ્ટીવલ અંતર્ગત કરવામાં આવ્યું હતું.

તા. ૬ ઑક્ટોબરના રોજ સાંજે પ્રકાશ હાઈસ્કૂલ, વસ્ત્રાપુર ખાતે આ ફેસ્ટીવલનો સમાપન સમારોહ યોજવામાં આવ્યો હતો. સમારોહ અંતર્ગત જ વિજેતાઓનાં નામ જાહેર કરવામાં આવ્યાં હતાં.

આ ફિલ્મ ફેસ્ટીવલના જ્યુરી તરીકે ફિલ્મ 'ફરારી કી સવારી'ના નિર્દેશક રાજેશ મપુસકર અને ફિલ્મ તથા બિઝનેસ ક્રિટીક કોમલ નાહટાએ પોતાની સેવાઓ આપી હતી.



આ સ્પર્ધામાં બેસ્ટ થીમ અને બેસ્ટ મ્યુઝીકનું ઈનામ 'પહેલા માઈ કા લાલ' ટીમની ફિલ્મ 'શિફ્ટ ફોકસ'ના ફાળે ગયું હતું. બેસ્ટ સિનેમેટોગ્રાફીનું ઈનામ 'વાઈડ ઍંગલ' ટીમની ફિલ્મ 'ઈન સર્ચ ઑફ લાઈફ'ને મળ્યું હતું. બેસ્ટ ઍડિટીંગનું ઈનામ 'સિને ફિલ' ટીમને ફિલ્મ 'યહાં' માટે મળ્યું હતું. સિલ્વર ફિલ્મ ઑફ ધ યરનો ખિતાબ ફિલ્મ 'ક્લોઝર'ને, ગોલ્ડન ફિલ્મનો ખિતાબ ફિલ્મ 'શિફ્ટ ફોકસ'ને અને પ્લેટીનમ ફિલ્મનો ખિતાબ ફિલ્મ 'ઈન સર્ચ ઑફ લાઈફ'ને મળ્યો હતો.

ફ્રીવે ફિલ્મ કંપનીના બૅનર તળે રિતમ ભટનાગર (ખ્યાત ગુજરાતી ફિલ્મ 'કેવી રીતે જઈશ' ફેમ) અને તેમની ટીમે પ્રશસ્તિલાયક કામ કર્યું. નામ, દામ, માર્કેટીંગ અને અસંખ્ય ફિલ્મ મેકીંગ ટીમોનો ડેટા એક સાથે એક જ પ્રૉજેક્ટમાં મેળવી લીધો ! સાથે સાથે ભારતની સૌથી મોટી ફિલ્મ મેકીંગ સ્પર્ધા તરીકેનું ગૌરવ તો ખરું જ ! આ છે યંગ જનરેશન ! વૅરી ગૂડ.